

રમેશ ઠક્કર



## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

કાગળની હોડીમાં બેસી દરિયો તરવાનો ઉત્સવ છે .
જીવન બીજું કશું નથી બસ ખીલવા ખરવાનો ઉત્સવ છે .
કેટકેટલી રાહ જોવડાવ્યા જ પછી આ મ્હેક મળી છે ,
આ ઓછો કંઈ ખાડો ખોદીને સંઘરવાનો ઉત્સવ છે ?
પાંપણનાં તાળાં તૂટે ને રોક્યું ના રોકાય કશુંયે-
તો સમજી લેવાનું નક્કી અંદર સ્મરવાનો ઉત્સવ છે .
પંખીઓનું સતત આવવું , જવું , બેસવું અને ટહુકવું ,
લીલી લીલી આ ગલીઓમાં હરવા ફરવાનો ઉત્સવ છે .
ઘણી વાર પૂછેલું ત્યારે રહી રહીને રાધાએ કીધું ,
શ્યામ એટલે તો ખાલીખમ હૈયું ભરવાનો ઉત્સવ છે .
આજે એનાં દ્વાર ઊઘડશે ને એમાં દર્શન પણ થાશે ,
આજે તો બસ ખુદની સામે ખુદને ધરવાનો ઉત્સવ છે .

કૃષ્ણ દવે.

### પાથેય

## ઉત્સવોનો આનંદ

આપણી સંસ્કૃતિમાં તહેવારોનું અનેરૂં મહત્વ છે.મૂળભૂત રીતે આપણે ઉત્સવપ્રિય લોકો છીએ એવું કવિ કાલિદાસે એ જમાનામાં કહ્યું હતું. આપણે કોઈપણ વસ્તુને ઉલ્લાસમય બનાવી શકીએ છીએ.તહેવારો એ રીતે જોઈએ તો જીવનનો એક ઉલ્લાસ છે. આપણી ઊર્મિઓને અભિવ્યક્ત કરવાનું સશક્ત માધ્યમ છે.હિન્દુ કેલેન્ડરમાં કેટલા બધા તહેવારોની ભરપૂર યાદી છે ? એમાં મોટાભાગના ભલે ધાર્મિક હોય છતાં એમાં સામાજિક અને રાષ્ટ્રીય તહેવારો પણ એટલું જ પ્રાધાન્ય ધરાવે છે.તહેવારો ઉજવવા પાછળનો હેતુ જીવનની રૂટીન અને ઘરેડમય બાબતોમાં જીવંતતા ભરવાનો છે.

તહેવારોના સંદર્ભમાં કાકાસાહેબ કાલેલકર બહુ સરસ વાત કરે છે એ કહે છે કે "તહેવારો અને ઉત્સવોનું જીવનમાં વિશિષ્ટ અને મહત્વનું સ્થાન છે.તહેવારો દ્વારા જ આપણે સંસ્કૃતિના કેટલાક અંગો સારી રીતે જાળવી અને ખીલવી શકીએ છીએ. વિશિષ્ટ પ્રસંગો અને તેમનું મહત્વ સ્મરણમાં રાખી શકીએ છીએ.ઋતુના ફેરફાર પ્રમાણે જીવનમાં અમુક ફેરફારો યથાકાળે સંકલ્પપૂર્વક શરૂ કરી શકીએ છીએ.અને સામાજિક જીવનમાં પરસ્પર સહકાર સાથે એકતા આણી શકીએ છીએ.

કેટલીક વૃત્તિઓ મનુષ્ય હૃદયને એટલી સ્વાભાવિક છે કે તેમનું નિયમન ન થાય તો તે અમર્યાદ વધી આખું જીવન બગાડી નાખી છે.તેમનો સીધો વિરોધ અથવા બાહ્ય નિરોધ શક્ય કે સલામત નથી હોતો.દબાણથી તે વિકૃત થાય છે અને છુપી રીતે અથવા અસ્વાભાવિક રીતે પોતાની તૃપ્તિ શોધે છે.આમાની કેટલીક વૃત્તિઓ મર્યાદિત સ્વરૂપમાં ક્ષમ્ય હોય છે,એટલું જ નહીં હિતકર પણ હોય છે.એમનો નાશ કરવાને બદલે જો એમને વિશુદ્ધ બનાવી ઉન્નતિને રસ્તે વાળવામાં આવે, તો સંપૂર્ણ કેળવણીમાં તેમની મદદ ભારે થાય છે.આ કાર્ય કોક કોક વાર સામાજિક રીતે જ સરસ સંધાય છે. તહેવારોની મદદ આમાં ઘણી થઈ શકે એમ છે."

શ્રાવણ માસ તો આખેઆખો તહેવારોનો જ મહિનો છે.એમાં કેટલું વૈવિધ્ય ભર્યું છે ! રક્ષાબંધન જેવો ભાઈ બહેનના સ્નેહને ઉજાગર કરતો અનોખો તહેવાર કદાચ દુનિયામાં વિશિષ્ટ પ્રકારનો છે.કોઈનો જન્મદિવસ આખા રાષ્ટ્રનો જન્મદિવસ બની જાય એ અજાયબ વાત છે.જન્માષ્ટમીનો તહેવાર ખૂબ જ આનંદ અને ઉલ્લાસને લઈ આવે છે. સૌરાષ્ટ્રનાં ગામો કે નગરોમાં જન્માષ્ટમીના જે મેળા ભરાય છે,એમાં લોકસંસ્કૃતિ અને લોકલાગણી જાણે હિલ્લોળે ચઢે છે. મેળો એ ધબકતી સંસ્કૃતિનું અભિન્ન અંગ બની જાય છે. એ જ્યારે તહેવારનું સ્વરૂપ પામે છે ત્યારે સોળે કળાએ ખીલી ઉઠે છે.પંદરમી ઓગસ્ટ જેવા રાષ્ટ્રીય તહેવાર ખૂબ જ ઉમંગ અને દેશભક્તિથી ઉજવાય છે.એ નિમિત્તે સમગ્ર દેશમાં જે ભાવનાત્મક મોજું ઊભું થાય છે એના કારણે આપણા સૌની વચ્ચેની એકતા દ્રઢ બને છે.આપણે સાચા અર્થમાં રાષ્ટ્રભક્તિના રંગે રંગાઈ જઈ એકમેક સાથે એકતાનો અનુભવ કરી શકીએ છીએ.તહેવારો આપણને ઘણું શીખવી જાય છે.ઉત્સવો ના હોત તો જીવન ભારેખમ પોટલું બની ગયું હોત એ વાત ચોક્કસ.તહેવારો આપણને હળવાશનો અનુભવ કરાવે છે. જીવનની આપણી સફરને સંગીન બનાવી જાય છે.

# હર હર શંભુ ....!!!



રઝળપાટ

અજય ઉપાધ્યાય

આ વખતે ભોળાનાથની ભક્તિ એક મહિનો લંબાઈ .. જી હા અધિક મહિનાને લીધે પવિત્ર શ્રાવણમાસ એક મહિનો મોડો શરૂ થયો પણ કહેવાય છે ને કે ભોળાનાથના ભક્તો જે મહિનાની શ્રધ્ધાપૂર્વક રાહ જોઈ રહ્યા હોય તે શ્રાવણ માસના આગમન સાથે જ ભોળાનાથની ભક્તિમાં લોકો તલ્લીન થઈ ચૂક્યા છે . જો કે ઘણાએ અધિક મહિનાને પણ અધિક શ્રાવણ ગણીને શિવની પૂજા અર્ચના શરૂ કરી જ દીધેલી . એકંદરે રાજ્યભરમાં સારો વરસાદ થઈ ચૂક્યો છે અને ઓવરઓલ વાતાવરણ સાનુકૂળ છે એવામાં શ્રાવણ માસનું આગમન લોકોમાં નવી શ્રધ્ધા , નવો ઉમંગ અને નવી ભક્તિ ઉમેરાવા માટેનું એક નિમિતમાત્ર છે . મેઘરાજાની સાર્વત્રિક મહેરથી લોકોમાં શ્રાવણ અને શ્રાવણના આગમન સાથે જ શરુ થતા તહેવારોને રંગેચંગે ઉજવવાનો માહોલ બનતો હોય છે . આ લેખ ધાર્મિક બિલકુલ નથી પણ એ વાત કહેવાનો ઈરાદો રાખે છે કે આપણી સંસ્કૃતિમાં ધર્મ અને કુદરતનો કેટલો અદભુત મિલાપ છે કે જેને લીધે ભક્તિનો ભાર તો બિલકુલ અનુભવાતો નથી પણ ઊલટાનું આ અદભુત જગતને બનાવનારને વંદન કરતાં કરતાં એની અપરંપાર લીલાનો આનંદ ઉઠાવવાનો છે . શ્રાવણ મહિના જેવા દિવસો અને ધાર્મિક તહેવારો ધર્મના નામે નફરતો ફેલાવનારાઓને જડબાતોડ જવાબ છે કેમ કે ધર્મ માણસને માણસથી જોડે છે. ધાર્મિક તહેવારોની ઉજવણી રૂટિન જિંદગીમાંથી બહાર નીકળીને લોકો સાથે મળીને કરાતી પ્રાર્થનાઓ છે કે જેની ઉજવણીમાં બધા સમાન છે... બધા એક છે...!

આમ તો શ્રાવણ એ ભલે ને શિવ – મહાદેવ – શંભુની ભક્તિ કરવા માટેનો શ્રેષ્ઠ સામે ગણાતો હોય પણ સામાજિક રીતે જુઓ તો શ્રાવણની સાથે સાથે હિન્દુ તહેવારોનો શુભારંભ પણ થઈ જાય છે . શ્રાવણથી શરૂ થાય છે તહેવારોનો સમય અને એનાથી થાય છે સામાજિક સમરસતાની શરૂઆત . જી હા શ્રાવણથી શરૂ થયેલ ભક્તિની ભાવકયાત્રાના પડાવમાં આગળ જતાં રક્ષાબંધન, જન્માષ્ટમી જેવા અનેકો તહેવારો આવે છે. આપણે ત્યાં સંસ્કૃત સાહિત્યમાં એક અદભુત સુક્તિ છે : “ઉત્સવ પ્રિયા ખલુમાનવા। આપણો દેશ ઉત્સવપ્રિય છે. ઉત્સવ મનુષ્યોના જીવનને સજાવે છે. ભક્તિની સાથે સાથે માનવજીવનને ખીલવા માટે જે બીજી અગત્યની વાત છે એ સામાજિક મેળાવડાઓ આ તહેવારોને લીધે વધુ રંગીન , વધુ ઉત્સાહિત લાગે છે અને એને લીધે લોકોના ચહેરા પર અને જીવનમાં ખુશી , હાસ્ય અને આ જમાનામાં જેની બહુ જ જરૂર છે એ કૌટુંબિક લાગણીઓ અને મજબૂત બંધનો બાંધવામાં મદદરૂપ થાય છે . ખાલી તહેવારો જ શુકામ ? આમ જોવા જાવ તો રજાઓની શરૂઆત પણ લગભગ લગભગ શ્રાવણ સાથે જ થઈ જાય છે . સ્કૂલો-ઓફિસોમાં આગળ પાછળ એક-બે રજા મૂકો તો મિનિ વેકેશન થઈ જાય એટલા તહેવારો અને એની રજાઓને લીધે શ્રાવણથી શરૂ થતો અને લગભગ એમ ગણો ને કે છેક દિવાળી – બેસતાવર્ષ અને ભાઈબીજ સુધીનો આખોયે સમય ઉલ્લાસભર્યો અને ઉમંગભર્યો બની જાય છે . શ્રાવણમાં ધરતીનું પણ પોતાનું એક અલગ જ સૌંદર્ય હોય છે . આ વખતે અનરાધાર વરસાદ થયેલ છે બસ એ જ રીતે વરસાદમાં નાહીને તાજી થયેલી ધરતી હરિયાળી ચાદર ઓઢીને બેઠી હોય એવું વિહંગમ દ્રશ્ય ચારેકોર હોય છે . નદી-સરોવરો પાણીથી ભરપૂર હોય છે અને એની એક અલગ જ ઠંડક વાતાવરણમાં ભળેલી હોય છે . આપણાં તહેવારો આમ પણ પ્રકૃતિ સાથે વધુ જોડાયેલા હોય છે અને એ તહેવારોને બહાને હું ને તમે પ્રકૃતિની વધુ નજીક આવીએ છીએ અને એમાં ભળે છે અનેકવિધ અને લીટરલી રંગીન અને અનોખા પડતાં તહેવારો .. બસ જીને કો ઓર કયા ચાહીએ ?



ધર્મ દરેકની અંગત બાબત છે અને જે તે ધર્મની ઉજવણી બધા પોતપોતાની રીતે કરતાં હોય છે એવામાં શ્રાવણની ઉજવણીમાં શિવલિંગ પર ચડાવતા દૂધ કે બીજી કોઈ બાબત વિષે મતમતાંતર હોય શકે પણ એક વાત સમજો કે ધર્મ છે તો હું ને તમે છીએ અને આ વાત દરેક ધર્મને લાગુ પડે છે એવામાં અમુક સળીબાજોની આવી હરકતોને નજરઅંદાજ કરીને એટલું જ કહેવાનું કે શિવાલયોમાં હર હર શંભુનો નાદ દર વર્ષે વધુ ને વધુ થતો જાય છે . શ્રદ્ધા-અંધશ્રદ્ધા વચ્ચેનું યુદ્ધ દરેક ધર્મમાં ચાલતું રહે છે પણ હકીકત એ છે કે ધર્મની તરફ લોકોને વાળવામાં આવા તહેવારો જરૂરી છે અને રહેવાના છે . ભક્તોને આવા કોઈ વિખવાદોથી ક્યારેય ફરક પડતો નથી અને પડવાનો પણ નથી . શિવનો મહિમા દરેક શ્રાવણમાં વધતો જાય છે . ભલે ને શ્રાવણ તો શ્રાવણમાં પણ મંદિરના પગથિયાં ચડતો ભક્ત વંદનીય છે . આજકાલની ફાસ્ટ લાઈફમાં બની શકે કે રોજ પૂજા-અર્ચના કરવાનો કોઈને સમય ના પણ મળતો હોય કે શ્રાવણનો જ દાખલો લો તો રોજ ૧૦૦ બિલીપત્રો શિવને અર્પણ કરવાનો સમય ના રહેતો હોય તો શું ? સી, દુનિયા બદલાતી રહે છે અને એ જ રીતે બદલાતી રહે છે ભગવાનની ભક્તિની રીતો પણ. આપણે કોરોનામાં ઓનલાઈન દર્શન અને ઓનલાઈન ઉપવાસો કે પૂજા-અર્ચના જોયા જ છે. ત્યારે પણ મૂળ ભાવ તો ભક્તિનો જ હતો. મંદિરમાં ગયા વગર પણ ભગવાનની ભક્તિ આપણે સૌએ એ કપરા સમયમાં કરેલી જ છે. એટલે જરૂરી છે ધર્મ અને ભગવાન પરની મારી ને તમારી શ્રધ્ધા સાબૂત રહે – ટકી રહે , બાકી બધુ ગૌણ છે . અને આ શ્રદ્ધા ટકાવવા માટે જ તો આવે છે આવા પવિત્ર દિવસો – મહિનાઓ અને તહેવારો...!

આપણા ધર્મશાસ્ત્રોમાં શ્રાવણ માસનું બહુ જ મહત્ત્વ છે. નદીઓમાં ગંગા, દેવતાઓમાં વિષ્ણુ, પર્વતોમાં હિમાલયનો મહિમા છે તેમ બાર માસોમાં વ્રતપૂજનાદિ માટે અને તેમાંય ખાસ કરીને ભગવાન શિવની ઉપાસનાનું વિશેષ મહત્વ છે.શ્રાવણ ..!! શિવ .. અને તહેવારોનો બધા પોતપોતાની રીતે અર્થઘટન અને એનો આનંદ ઉઠાવતા હોય છે . ઘણા આકરી ટેકો રાખીને ભોળાનાથની ભક્તિ કરતાં હોય છે , ઘણા આખો મહિનો ઉપવાસ કરીને ભગવાનને ભજતાં હોય છે... ઘણા ખાલી સોમવાર રહીને પણ મહાદેવને ભજતા હોય છે તો ઘણા નિયમિત શિવમંદિરે જઈને શિવલિંગ પર દૂધ-પાણી-ફૂલ-બિલીપત્રનો અભિષેક કરતાં હોય છે . એમ તો ઘણા શ્રાવણમાં જુગાર રમવાની પણ આતુરતાપૂર્વક રાહ જોતાં હોય છે ..!!! સરવાળે શ્રાવણ અને શિવનો અનોખો સંગમ જીવને સાતા અને ઉત્સવી માહોલમાં ઉજવણીનો આનદ ઉઠાવવાનું આમંત્રણ આપે છે. અને આ ખાલી લખવા ખાતર અહી લખ્યું છે એવું નથી પણ કયા છે ધર્મ ? કે કયા છે આજકાલ શ્રાવણ કે તહેવારોનો ઉમંગ ? કે કયા છે આપની સંસ્કૃતિને ફોલો કરનારાઓ? એવી પથારીમાં પડ્યા પડ્યા ગુલબાંગો ફેંકનારાઓએ જરાક વહેલી સવારમાં ઊઠીને નજીકના મંદિરમાં જઈ આવવું એટલે ખબર પડી જશે કે આસ્થા અને શ્રધ્ધા એ કોઈપણ ધર્મનો મુખ્ય બેઝ છે અને એ ક્યારેય ઓછો કે નબળો નથી પડતો હોતો. સવાર-સાંજની આરતીમાં ઉલાસભેર ભાગ લેતા ભાવિકોની વિશાળ હાજરી એ વાતનો સંકેત છે કે ધર્મનું મહત્વ અને એનો સંદેશ કે શિખામણ માનવજીવન માટે કેટલું મહત્વપૂર્ણ છે. ઉત્સવો, તહેવારો અને પવિત્ર શ્રાવણ માસ જેવા દિવસો એ ‘જીવ અને શિવ’ ના મિલનનો પરફેક્ટ સમય પૂરો પાડે છે. ૐ નમઃ શિવાય ...!!

- akurjt@gmail.com

# લગ્નાય સ્વાહા.. ઇદં મમ એવું.....

નાથાલાલની છીંક શુકનની છે કે અપશુકનની એ નક્કી કરવું મુશ્કેલ હતું. કારણ, જે લગ્નના મંડપમાં આ છીંક આવી હતી તે અચાનક આવી હતી એવું લાગી રહ્યું હતું પણ સાવ એવું નહોતું. આ લગ્ન શુભ હતું કે સગવડિયું, આ લગ્ન સામાજિક હતું કે સાંસારિક એવા ઘણા પ્રશ્નો ઉદ્દભવી રહ્યા છે અને એને કારણે સોસાયટીના ભણેલા લોકો સાહિત્યના મોટા વિવેચકો હોય એવા ચહેરાઓ સાથે પ્રવેશી રહ્યા હતા.

ઢોલી ઢોલ એવી ધીમી રીતે વગાડી રહ્યો હતો જ્યાં તમે એકબીજા સાથે વાતો કરી શકો. જેમ ધીમી ધારે વરસતો વરસાદ પ્રેમપ્રેરક હોય છે, જેમ ધીમે તાપે થતી વાનગી રસોઈ કરતી ગૃહિણીનું માન વધારે છે એવી રીતે કમોસમી લાગતું લગ્ન હવે માનભેર યોજાઈ રહેલા સામાજિક મેળાવડાનું સ્થાન લઈ રહ્યું હતું.

મહારાજ પણ બીજા (એટલે કે બીજવરના) લગ્નમાં દાખવવો જોઈએ એટલો સેકન્ડરેટ ઉત્સાહ બતાવી રહ્યા છે. ગણપતિ પૂજન પછી એમણે કહ્યું,’ તમારાં લોનને લગતાં, સોસાયટીને લગતાં અને સાસરિયાંને લગતાં દુઃખ ભગવાન ઓછાં કરે એવી પ્રાર્થના કરો.’ લગ્નોમાં મહારાજની ઝડપ કે ઉતાવળ આખા જીવન પર પ્રભાવ પાડે કે નહીં તે તો ખબર નથી પણ લગ્નના માહોલને એ સુધારી શકે એટલું તો નિશ્ચિત છે. આ મહારાજના સંસ્કૃત ઉચ્ચારો સહન થઈ શકે એટલા ખરાબ હતા. પણ અહીં યજમાન અને વરરાજા એક જ હોવાથી એમને બહુ ટેન્શન નહોતું. દુર્ગાનું કન્યાદાન કોણ કરે એ બહુ મોટી સમસ્યા હતી. કારણ એ પોતે જ વડીલ હતી એટલે એના વડીલ શોધવા અઘરા હતા, પણ છેલ્લે એનાથી ત્રણ વર્ષ મોટી એક કાકી જડી ગયાં એટલે ચાલ્યું. પણ એ આવડી મોટી કન્યાનું દાન કરે એ અજુગતું લાગતું હતું. વળી, નાથાલાલ ને ઓળખતા હતા, કોલેજમાં એમનાથી એક જ વર્ષ આગળ હોવાથી જમાઈ તરીકે જોવામાં વાંધો પડતો હતો, પણ ’ આ સંસાર એ સમાધાનોનું સંમેલન છે ’.. એવું સાહિત્યિક વાક્ય મહારાજ બગાસું ખાતાં ખાતાં બોલ્યા એનાથી બંને પક્ષે નારાજ અથવા નિરાશ લોકો ભોજનના કોલની રાહ જોવા લાગ્યાં. આ કાકી સ્માર્ટ એટલા હતા કે આજે ફૂલ મેક અપ કરીને આવ્યા તો દુર્ગાથી નાનાં લાગતાં હતાં. એમનું નામ પણ સ્વાતિ હતું એટલે નામને કારણે પણ યંગ લાગતાં હતાં. એની સામે દુર્ગાને બે દિવસથી ખુબ કામ રહેતાં ’ પગ જલાઈ ’ ગયો હતો એને કારણે થોડી લંગડાતી ચાલતી હતી. નાથાલાલને તો આમેય ડાબો ખભો ચઢેલો રહેતો હતો.

સોસાયટીના લોકો એમની મસ્તીમાં હતા, કારણ, એમને લાગતું હતું કે નાથાલાલ આ સોસાયટીમાં આવ્યા તો એમના બીજા લગ્ન ગોઠવાયા. જો કે જાનમાં જવાનું, પલ્લવીને ત્યાં જઈને નવા ચોકઠાં ગોઠવવાના એવા બધા પ્લાન ઉંધા પડ્યા હતા. એકમાત્ર જલસાથી બધાએ જમવું એ યોજના જ સફળ રહી હોય એવું લાગતું હતું. નાથાલાલને સમજાય છે કે સમાજ બીજવર નાં લગ્ન શું કામ ઉજવતું નથી હોતું.

કદાચ આ પહેલું લગ્ન હશે જ્યાં વરરાજા અને વહુરાણી બંનેને એમ થયા કરતું હતું કે પોતે શું કામ પરણી રહ્યાં હતાં. નાથાલાલના મનમાં તો સોસાયટીના વિચિત્ર સ્વભાવના દોંઢડાહ્યાઓને રાજી કરવા બધું કરતા હોય એમ લાગતું હતું. એને નાંદીશ્રાદ્ધ કરાવતા હતા ત્યારે એને તો આ સોસાયટીના બધા સભ્યો ધોળાં કપડાં પહેરીને બેઠેલાં ભુત લાગેલાં. પગે લંગડાતી વહુ અને રૂપાળી સાસુ. સ્વાતિસાસુ તો લગ્નની ભારે સાડીમાં ખાસ્સા ઠસ્સાવાળા લાગતાં હતા. નાથાલાલ લાંબો શેરવાની ટાઈપનો ઝભ્ભો, મોંઘો લાગે એવો આછા પીળા રંગનો સુરવાલ અને લાંબો ખેસ પહેરીને આવ્યા ત્યારે વરરાજા જેવા ઓછા અને નાટકના પાત્ર જેવા વધુ લાગતા હતા. એમની કેડે તલવાર દેખાવ ખાતર પણ નહોતી એ સારું હતું. કારણ, એના મનમાં અનેક હિંસક વિચારો દોંડી રહ્યા હતા. જેમ અવાવરું ઘરમાં ઉંદરડા દોંડતા હોય એવું મન લઈને એ બેઠા છે. કોઈ એમની મોજડીઓ ચોરવા નથી આવ્યું. દુર્ગાના બે દૂરના ભાઈઓ જેલમાંથી જામીન પર છૂટીને આવ્યા હોય એવા લાગતા હતા. એમને પ્રેરણા આપવા નાથાલાલ થોડીવાર એમના તરફ અને થોડીવાર મોજડી તરફ જોતા હતા. પણ પેલા બે જણાને કોઈ અસર થતી નહોતી. મહારાજ બોલ્યા નહોતા કે ’કન્યા પધરાવો સાવધાન !’.. છતાં દુર્ગા લંગડાતી લંગડાતી આવતી હતી. એક ઘરડો માણસ મંગલાષ્ટક ગાવા માંડ્યો, ત્યારે એના કર્કશ અવાજને લીધે આખો મંડપ એક પ્રકારની કઢંગી લાગણી અનુભવતો હતો. એના બોખા મોંમાંથી ઉડતા પાનના છાંટા આખા શ્લોકને એક ધીમી ધારની પિચકારી બનાવી દેતાં...



હમજ્યા મારા ભૈ !

ભાગ્યેશ જહા

પેલી તરફ ખેતરમાં તીડ પડ્યાં હોય એમ સોસાયટીવાળા જમવા ઉપર તૂટી પડ્યા હતા. ડાયાબિટીસને કારણે ગયા અઠવાડિયે ઢળી પડેલા છગલાલે એક વાડકીમાં ત્રણ ગુલાબજાંબુ ગોઠવ્યા ત્યારે સોસાયટીની આબરુંનો ઈન્ડેક્ષ ગબડી પડેલો. ત્યાં પ્રેગનન્ટ ચાર્મીને ઉલટીની ઈચ્છા થતી હતી તે જાણી દુર્ગા એને ઘરમાં લઈ ગઈ, એવું કહેતી હતી કે આ ઉંમરે પ્રસૂતિ સારી નહીં.

ફઈનાલી ફોટોગ્રાફરોએ જોયું કે નાથાલાલ લગ્નમંડપમાં દુર્ગાને બદલે સ્વાતિનો હાથ પકડવા જતા હતા.. ત્યારે દુર્ગાએ રોકીને પોતાનું દુગાપણું બતાવ્યું હતું. એક પછી એક વીરતાના દ્રશ્યો સર્જાતા જતા હતા. સ્વાતિ હસતી ત્યારે વધારે યુવાન દેખાતી હતી, જ્યારે થાકને લીધે દુર્ગાનો મેકઅપ પણ થાકી જતો હતો.

# ડિગ્રી એ એજ્યુકેશન નથી. આવો, ઓળખીએ સાચા શિક્ષણને

આપણા ભારતીય શિક્ષણની એક સૌથી મોટી કરૂણતા એ છે કે એ માત્ર ડિગ્રી આપી શકે છે. સાચું શિક્ષણ નહી, નોકરી નહીં. આજનું શિક્ષણ કોઈપણ વિષયનું જ્ઞાન - માહિતી આપી શકે છે. પણ એની કલા નથી શીખવી શકતું. આજનું શિક્ષણ દર વર્ષે લાખોની સંખ્યામાં ડૉકટર્સ,એન્જીનીયર્સ, સી.એ., એમ.બી.એ. કે પીએચ.ડી. ધારકો ઊભા કરી શકે છે. અને આ બધા પછીના વર્ષોમાં આ જ કામ કરીને બીજા લાખો કરોડો યુવાનોને પોતપોતાના ક્ષેત્રોમાં ડિગ્રીધારી બનાવી બેરોજગાર બનાવે છે. ખરેખર આ એક ગંભીર સમસ્યા છે. આપણે સાચા શિક્ષણનું મૂલ્ય કે મહત્વ સમજ્યા જ નથી. ભારતીય સમાજમાં મોટેભાગે એવું માની લેવામાં આવે છે કે દીકરો કે દીકરી ગ્રેજ્યુએટ થયા કે માસ્ટર ડિગ્રી કરી કે પીએચ.ડી કર્યું એટલે શિક્ષણનું ઉચ્ચ શિખર પ્રાપ્ત કરી લીધું. હવે તો નૉકરી મળી જ જશે. અથવા તો સારી નૉકરી મેળવવા સારી ડિગ્રી મેળવવી જોઈએ. વર્ષોથી દરેક માતાપિતા પણ પોતાના સંતાનોને એમ કહેતા હોય છે કે “સારું ભણશો તો સારી નોકરી મળશે“ પણ સારું ભણનાર કેટલાને સારી નોકરી મળી ? એ સંશોધનનો વિષય છે. વળી આજનું શિક્ષણ માત્ર નોકરીલક્ષી જ કેમ ? આપણે પરીક્ષાની માર્કશીટને, ડિગ્રીઓને શિક્ષણ માની બેઠા છીએ. કોઈપણ વ્યાવસાયિક કલા શીખવાને શિક્ષણ કેમ ના ગણાય ?

હું શિક્ષણને જરા જુદા અર્થમાં સમજું છું. સાચું શિક્ષણ એ ઉચ્ચ શિક્ષણની મેળવેલી ડિગ્રી નથી. કેમ કે ડિગ્રી કોઈપણ રીતે મેળવી શકાય છે. જ્યારે આ નવી દુનિયાના બદલાતા નવા પ્રવાહો ઓળખવાની સમજણ આપે એ શિક્ષણ. પરંપરા અને પરિવર્તનનું સાયૂજ્ય સાધીને આપણી ભૂમિકા નિશ્ચિત કરવી, આવનાર બદલાવને સ્વીકારીને, અપનાવીને સ્વયમ રોજગારનું નિર્માણ કરવું એ શિક્ષણ. કાગળની ડિગ્રી કરતા સ્વયમની કલા-શક્તિ ઉપર વિશેષ શ્રદ્ધા રાખી નવા સાહસ કરવા, જિંદગીમાં મળતી અસફળતાઓને સમજીને – સ્વીકારીને એમાંથી આગળ વધવું – આ બધું જ સાચું શિક્ષણ છે. સાચું શિક્ષણ સમાજના, રાષ્ટ્રના કે જગતના બદલાતા પ્રવાહોનું જ્ઞાન આપે છે. એની સામે ટકવા માટે, લડવા માટે માનસિક રીતે મજબૂત બનાવે છે. સાચું શિક્ષણ “નોકરશાહી”ની માનસિકતામાંથી મૂક્ત કરીને “આંતરપ્રિન્યોર” બનવાની પ્રેરણા-પ્રોત્સાહન આપી પુરુષાર્થ કરવા પ્રેરે છે. સાચું શિક્ષણ સત્ય, શ્રમ, સમર્પણ અને સંવેદનાના પાઠ શીખવે છે. આજે વિશ્વની ઘણી મોટી મોટી કંપનીઓમાં ડિગ્રી નહીં સ્કીલ –આવડત જોવામાં આવે છે.

જો કે આપણને જે ડિગ્રી મળે છે તે અભ્યાસક્રમમાં રહેલા ગ્રંથો જે તે વિષયનું આપણું જ્ઞાન ચોક્કસ વધારે છે. સત્યની નજીક લઈ જાય છે. મકાન કેમ બનાવવું એ એન્જીનીયર કરતા કોન્ટ્રાક્ટરને વધુ સારી રીતે ખબર હોય છે. વકિલાત કાયદા-કાનૂનનું પુરું જ્ઞાન આપે છે. સી.એ. સરકારની ટેક્ષ સંબંધી નીતિઓમાં રહેલી ખૂબી-ખામીઓનું જ્ઞાન આપે છે. અને ડૉકટર સ્વાસ્થ્ય સંબંધી.... આ બધી ડિગ્રીઓ જે તે વિષયનું જ્ઞાન તો આપે છે. પણ જીવનમાં વિકટમાં વિકટ પરિસ્થિતિની સામે લડવું કંઈ રીતે એમાં ટકવું કંઈ રીતે ? એ નથી શીખવી શકતી. જે ડિગ્રીઓ આપણા પિતાશ્રીઓ ૩૦/૪૦ કે ૫૦ વર્ષ પહેલા લેતા હતા તે જ ડિગ્રીઓ આપણે લઈએ છીએ. અને અફસોસ એ વાતનો છે કે આવનારા વર્ષોમાં આપણા થકી આપણા સંતાનો પણ એ જ ડિગ્રીઓ પાછળ દોડશે...

શિક્ષણનો એક મહત્વનો ભાગ “જીવન શિક્ષણ” પણ હોવો જોઈએ. જીવન કેમ જીવવું ? એની સમજણ મળવી જોઈએ. જીવન જીવવાની રીત, પદ્ધતિ, વિચારધારા અને નીતિ દરેક સમયે બદલાતી રહે છે. આજે સોશિયલ મીડિયાના યુગમાં આપણી સંયૂક્ત કૂટુંબની પરંપરા, પારિવારિક સ્નેહ, આપસી સંબંધો બધુ જ વિખેરાઈ ગયું છે. એક જ ઘરમાં રહેવા છતાંય પતિ પત્ની બાળકો બધાય પોતપોતાના મોબાઈલના આભાસી સંબંધોની દુનિયામાં ડૂબેલા હોય છે. આવી લાઈફથી “શિક્ષણ” મૂક્ત કેમ ના કરી શકે ? આજે મોટાભાગના પરિવારો સંસ્કાર અને સમજણના અભાવમાં તૂટી રહ્યા છે. સૌ કોઈ એકબીજાના કૉન્ટેક્ટમાં છે પણ એકબીજાથી કનેક્ટેડ નથી. સંપર્કમાં છે પણ હદયના જોડાણ નથી. એક પરિવારના સંબંધો વચ્ચે જે સ્નેહ, વિશ્વાસ, પ્રેમ, લાગણી, સચ્ચાઈ અને મર્યાદા હોવા જોઈએ તે રહ્યા નથી. એના બદલે વ્યક્તિગત સ્વાર્થ, લાલચ, લોભ, મોજશોખ વૃતિ અને ટૂંકા રસ્તે જલદીથી બધુ મેળવી લેવાની ઈચ્છાઓ આજની પેઢીને બરબાદ કરી રહી છે. યુ.પી.એસ.સી.ની પરીક્ષામાં ગુજરાતની છ કરોડની વસ્તીમાંથી માત્ર ૧૬ યુવાનો જ પાસ થાય તો બાકીનાનું શું ? તલાટી કે ક્લાર્ક બનવા ૨૮થી ૩૦ લાખ શિક્ષિત બેકાર યુવાનો પરીક્ષાના મેદાનમાં કૂદે છે. એક સાવ નાની નોકરી મેળવવા કેટકેટલા ચક્રવ્યૂહોમાંથી પસાર થવું પડે છે. છતાંય સફળતાની કોઈ ગેરન્ટી નથી હોતી.

આપણી કરૂણતા એ છે કે જેમ જેમ અનેક પ્રકારની શૈક્ષણિક સવલતો, સમૃદ્ધિ અને વિકલ્પો વધતા જાય છે તેમ તેમ શિક્ષણનું સ્તર બદલાતું નથી. એમાં બદલાતી સૃષ્ટિનું શિક્ષણ હોવું જોઈએ, ભારતીય સંસ્કૃત્તિ અને સભ્યતાના સંસ્કારો, પારિવારિક અને સામાજિક સૌહાર્દના પાઠ પણ હોવા જોઈએ. બ્રહ્મથી બ્રહ્માંડ સુધીના વ્યાપની સમજણ, સંસ્કૃત વૃતથી લઈને વાતાવરણના વલયો સુધીની યાત્રા થવી જોઈએ. એક ચકલીના અસ્તિત્વથી લઈને ચરકસંહિતા સુધી જ્ઞાનની ગંગા વહેવી જોઈએ. આ બધી સમજણનો વિકાસ થાય એવા સક્ષમ અને નિષ્ઠાવાન શિક્ષકો પણ મળવા જરૂરી છે. બાકી ચાણક્ય ભલે કહી ગયા કે “ શિક્ષક કભી સામાન્ય નહી હોતા..... “ પણ આજે દસ વીસ ટકા સારા અભ્યાસૂ શિક્ષકોને બાદ કરતા બાકીના શિક્ષકોની ફરીથી પરીક્ષા લેવાય તો પાસ પણ ના થાય એવા સામાન્ય શિક્ષકો આપણી સંસ્કૃતિ અને સભ્યતાને કંઈ રીતે સાચવશે ? નવી પેઢીનું ઘડતર કંઈ રીતે કરશે ? અને આ જ સ્થિતિ કૉલેજ યુનિવર્સિટી કક્ષાએ પણ છે. આ બધા શિક્ષકોનું ઘડતર થવું જરૂરી છે. એક અભ્યાસક્રમ શિક્ષકોનો પણ બનવો જોઈએ અને દર બે વર્ષે એમાં પાસ થવું જરૂરી બનવું જોઈએ. જે નાપાસ થાય તે વર્ષ એમને મળેલ ઈક્રીમેન્ટ રાહતફંડમાં જાય આવો નિયમ બને તો શિક્ષક બાબતની ચાણક્યની વાત પણ સાચી ઠરશે.



મોરપીંછના રંગ

ડો. કનૈયાલાલ ભટ્ટ

મિત્રો, ઉચ્ચ શિક્ષણનો અર્થ માત્ર ડિગ્રી મેળવવી નથી અને ડિગ્રી મળી જવાથી શિક્ષિત પણ બની જવાતું નથી. ઉચ્ચશિક્ષણનો સાચો અર્થ છે વ્યક્તિમાં ઉચ્ચ કક્ષાના વિચારોનો આવિર્ભાવ થાય એની વૈચારિક શક્તિ વિકસે તે એના પરિવારને માર્ગદર્શિત કરે. વ્યક્તિગત ભાવનાને બાજુએ રાખી સામાજિક સત્યની સ્વીકૃતિ કરી સમાજ ઘડતરમાં પોતાનું પ્રદાન કરે. સમાજ અને રાષ્ટ્રની નીતિ અને સ્થિતિ સમજીને એના નિર્માણ અને ઉત્થાનમાં સહયોગ આપે. ડિગ્રી એ માત્ર પુસ્તકીયા જ્ઞાનની ઓળખ છે. જે બે ચાર વર્ષમાં બધુ જ ભૂલાઈ જવાનું છે. કેમ કે તે માર્કશીટ બનાવવા માટે મગજમાં સંગ્રહ કરેલો ડેટા માત્ર હોય છે. પણ ઘરમાં માતા પિતા પાસેથી મળેલું સમજદારીનું, ધર્મનું, સંસ્કારોનું, સભ્યતાનું અને અનુભવોનું શિક્ષણ જ સાચું સહાયક બને છે. જીવનમાં સાહસ કરતા શીખવે છે. જિંદગીને સાચી રીતે જીવતા શીખવે છે. સપના જોતા શીખવે છે. એ સપનાને પુરા કરવા માટેના અનેક રસ્તાઓ, નવી દિશાઓ ચીંધે છે. વિકટ પરિસ્થિતિમાં લડતા શીખવે છે. સાચા શિક્ષણમાં સેવા ત્યાગ અને સમર્પણની ભાવના હોય છે, સ્નેહ આદર અને સન્માન હોય છે. સાચું શિક્ષણ સંપ અને સહકાર શીખવે છે. સાચું શિક્ષણ ધર્મ વિજ્ઞાન અને રાષ્ટ્રનીતિ શીખવે છે. સાચું શિક્ષણ ધરતીની ધૂળમાંથી, વહેતી નદીની લહેરોમાંથી, વૃક્ષ પરથી ખરતા પર્ણોમાંથી, ઊડતા પક્ષીઓમાંથી, વરસતા વરસાદ અને ગરજતા વાદળાઓમાંથી, પ્રકૃતિ અને સંસ્કૃતિમાંથી પણ મેળવી શકાય છે. આજે આપણી આ સરકારે નવી શિક્ષણનીતિ લાવીને શિક્ષણને નવી અને સાચી દિશા તો આપી છે પણ એને ફળિભૂત કરવી દરેક શિક્ષકોના હાથમાં છે. સરકાર બધી સગવડતા આપે છે, સુવ્યવસ્થા આપે છે. બાકીનું મુખ્ય કામ તો શિક્ષકો અને વાલીઓનું છે. બાહ્ય અને આંતરિક શિક્ષણથી સજ્જ થયેલો આજનો પ્રત્યેક વિદ્યાર્થી આવતીકાલના ભારતનું ભવિષ્ય છે. તો આવો, આપણે સૌ સાથે મળીને આવતીકાલની નવી પેઢીને જરૂરી શિક્ષણ આપીને આવતીકાલના ભારતના ભવિષ્યને સુરક્ષિત કરીએ.

- 9426060601.india@gmail.com